ટ્રાન્સપોર્ટ વાહનોમાં સી.એમ.વી.આર. ૧૯૮૯,ના નિયમ-૪મુજબ
ઉપરાંત વધારાના સરનામાના પુરાવા ચકાસવા બાબત.

નં.એમવીએ/સરનામા/ચકાસણી/ઓન/ ૪૦૨૬
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬,
બીજો-ત્રીજો માળ, જુના સચિવાલય,
ગાંધીનગર, તા.૧૮/૦૬/૨૦૧૬. 18 JUN 2016

-: પરિપત્ર :-

આથી તાબાની સંબંધિત કચેરીઓને જણાવવામાં આવે છે કે, ઘણા કેસોમાં અરજદાર નોંધાયેલ સરનામે મળી આવતા ન હોવાનું ધ્યાન પર આવેલ છે. જેના કારણે વેરાની વસુલાત, ગુન્હાઓમાં સમન્સ બજાવવા તથા અન્ય જરૂરી પત્રવ્યવહાર વખતે ખુબ મુશ્કેલી ઉભી થાય છે. સરનામાના પુરાવા માટે કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૪માં જોગવાઇ કરવામાં આવી છે. આ પુરાવાની ચકાસણી જરૂરી છે. રજીસ્ટ્રીંગ ઓથોરીટીનું જ્યુરીસડીક્શન આ પુરાવાના આધારે નક્કી થાય છે. વધુમાં મોટર વ્હીકલ એક્ટ હેઠળના ગુન્હાઓ, એક્સીડન્ટ કલેઇમ કેસો તથા વેરાની રીકવરી માટે સરનામું સાચુ હોવું ખુબ જ જરૂરી છે. આથી સરનામાની ખરાઇ સુનિશ્ચિત કરવા માટે નવા ટ્રાન્સપોર્ટ વાહન રજીસ્ટ્રેશન કરતી વખતે સરનામાના પુરાવા રૂપે સી.એમ.વી.આર. ૧૯૮૯,ના નિયમ-૪ મુજબ જરૂરી સરનામાના પુરાવા ચકાસવા તેમજ વધુમાં નીચે મુજબના તમામ અથવા તેમાંથી ઉપલબ્ધ હોય તેટલા વધારાના પુરાવાઓ ચકાસવા જણાવવામાં આવે છે. આ પુરાવાઓ સેલ્ફ એટેસ્ટેટ કરાવી રેકર્ડ પર લેવા.

૧. આધારકાર્ડ,

૨. છેલ્લા છ માસની બેન્ક સ્ટેટમેન્ટની કોપી,

૩. છેલ્લા છ માસનું લાઇટબીલ,

૪. ઇલેકશન કાર્ડ.

વધુમાં વાહન જ્યારે પણ ફીટનેશ રીન્યુઅલ, ટ્રાન્સફર માટે આવે ત્યારે પણ ઉપર જણાવેલ સરનામાના પુરાવા વાહનની આર.સી. બુક તથા રેકર્ડ સાથે ચકાસવા જણાવવામાં આવે છે.

સદર સુચનાનો તાત્કાલિક ચુસ્ત અમલ કરવાનો રહેશે.

નોંધ પર માન. કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, તમામ.

Akhil Gujarat Truck Transport Association
R. 30-6-16